સંક્ષિપ્ત સમાચાર

દાબખલ નજીક કાર ચાની દુકાનમાં ઘૂસી, બે બાઈકનો કચ્ચરઘાણ

વલસાડ : કપરાડા નાસિક માર્ગ ઉપર દાબખલ નજીક શુક્રવારે પૂર ઝડપે પસાર થતી મારુતિ બ્રિઝા કારના ચાલકે કોઈ કારણોવસ સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા પલટી મારી માર્ગની બાજુમાં આવેલી ચાની લારીના મકાન સુધી આવી પહોંચી હતી. ઘટનાના પગલે ભાગદોડ મચી હતી, જોકે જાળી લગાડી હોય કાર અટકી જતા મોટી દુર્ઘટના ટળી હતી. જોકે ઘટનામાં નજીકમાં પાર્ક કરેલી બે બાઈકને મોટું નુકશાન પહોંચ્યું હતું. ઘટનામાં ચાલકને નજીવી ઇજા પહોંચી હતી. ઘટના સમયે માર્ગ ઉપર અન્ય વાહન આવતું ન હોય મોટી દુર્ઘટના ટળી હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી કોઈ પોલીસ ફરિયાદ ન થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ગણદેવી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં નિર્ધારિત અંતિમ સમય સુધીમાં કુલ આંક ૮૭ થયો છે. જેને પગલે ચૂંટણી અત્યંત રસાકસીભરી જોવાઇ રહી છે. ઉમેદવારોનાં શક્તિ પ્રદર્શન સાથે રાજકીય ગરમાટો વ્યાપી ગયો હતો. ચીખલી પ્રાંત કચેરીએ ગણદેવી સુગર ફેક્ટરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી નામાંકન ભરવાનાં અંતિમ નિર્ધારિત સમય સુધીમાં ચૂંટણી વાંચ્છુંકોએ ઉમેદવારી નોંધાવતા કુલ આંક ૮૭ ઉપર પહોંચ્યો હતો. ઉમેદવારોએ ઢોલ નગારા, ટ્રેક્ટર સહિત વાહન રેલીઓ યોજી પોતાનો દાવો ઠોક્યો હતો. આ ઉપરાંત સહકાર પેનલ અને સમન્વય પેનલ તેમજ અપક્ષ દાવેદારોનો રાફડો ફાટ્યો હતો. અનેક સહકારી અગ્રણીઓએ પોતાની દાવેદારી નોંધાવી હતી. જેને પગલે સુગરનાં રાજકારણમાં ગરમાટો વ્યાપી ગયો હતો. ઉમેદવારી નોંધાવવા અગાઉ અનેક દાવેદારોએ પોતાના સમર્થકો સાથે બેઠકો યોજી હતી. હવે ડોર ટુ ડોર પ્રચારનો પ્રારંભ કર્યો છે. જેમાં આક્ષેપ પ્રતિ આક્ષેપ શરૂ થતાં રાજકારણમાં ગરમાટો વ્યાપી ગયો છે. હવે શનિવારે ઉમેદવારનાં ફોર્મ ચકાસણી બાદ આગામી ૨૧ થી ૨૩ સુધીમાં ઉમેદવારી પરત ખેંચવાનાં નિર્ધારિત સમય બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. સહકાર પેનલ અને સમન્વય પેનલની ગણતરીમાં અપક્ષ ઉમેદવાર કેવો ભાગ ભજવે એ જોવું રહ્યું.

વાપી નજીક બંગલામાં ચાલતું હાઈટેક ફેક કોલ સેન્ટર ઝડપાયું

એસઓજી વલસાડની ટીમે હરિયાણાથી મુખ્ય સૂત્રધાર ઝડપા પાડ્યો

વાપી : વાપી નજીક આવેલા ડુંગરા હરીયા પાર્કના એક બંગલામાંથી એસઓજી (SOG) વલસાડની ટીમે એક હાઈટેક આંતરરાષ્ટ્રીય ફેક કોલ સેન્ટર ઝડપી પાડયું છે.

પોલીસે આ રેડ દરમિયાન બે મહિલાઓ સહિત કુલ ૧૧ ઈસમોને ઘટનાસ્થળેથી ઝડપી લીધા હતા. ત્યારબાદ આ ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવનાર મુખ્ય સંચાલક રાજેશ ઉર્ફે રાજ વિઠ્ઠલ ઠોલારને પણ પોલીસ મુંબઈથી ઝડપી લાવી હતી. આ આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર દ્વારા વિદેશી નાગરિકો સાથે ઈન્ટરનેટના માધ્યમથી વાય-ફાય કોલીંગ કરીને સંપર્ક કરવામાં આવતો હતો અને ગીફટ કાર્ડ રીડીમ કરાવી તેમની સાથે મોટી છેતરપિંડી આચરવામાં આવતી હતી.

ટેક્નિકલ તપાસના અંતે સર્વર પ્રોવાઈડર પકડાયો

આ ગેરકાયદે નેટવર્કના સર્વર પ્રોવાઈડર તથા ગીફ્ટ કાર્ડ રીડીમ કરી આપનાર મુખ્ય સૂત્રધારને ઝડપવા માટે પોલીસે ટેક્નિકલ સ્ટાફની મદદ લીધી હતી. સાયબર લોકેશન ટ્રેસ કરતા મુખ્ય સૂત્રધારનું લોકેશન હરિયાણાના રોહતક ખાતે બતાવતું હતું. જેના આધારે વલસાડ પોલીસની એક ટીમ તાત્કાલિક હરિયાણા પહોંચી ગઈ હતી અને ત્યાંથી મુખ્ય આરોપી યુવરાજ સુરેન્દ્રકુમાર સલુજા (ઉ.૩૩, રહે. થાના, જી.રોહતક, હરિયાણા)ને દબોચી લીધો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિદેશી કંપનીઓના અસહકાર વચ્ચે ૧૦૦૦થી વધુ IP એડ્રેસનું એનાલીસીસ

ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ જટીલ કેસની તપાસ માત્ર એક ચાઈનીઝ એપ્લિકેશનના વર્ચ્યુઅલ નંબરના આધારે શરૂ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમની આ ઝીણવટભરી તપાસમાં એસઓજીની ટીમે ૧૦૦૦ થી વધુ આઈપી (IP) એડ્રેસનું એનાલીસીસ કર્યુ હતું. વિદેશી કંપનીઓ તરફથી કોઈ જ પ્રત્યુત્તર કે સહકાર ન મળવા છતાં, પોલીસે આઈ.પી.ડી.આર. ડેટા અને વર્ચ્યુઅલ નંબર આપતી વેબસાઈટોની નાની-નાની પેટર્ન અને આઈ.પી. એડ્રેસની વિશેષતાઓનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એસઓજી વલસાડની આ અથાણ મહેનતના પરિણામે જ આંતરરાષ્ટ્રીય કૌભાંડના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવામાં સફળતા મળી છે.

વલસાડમાં ગેરકાયદે પાર્ક કરેલી ૧૫ થી ૨૦ બાઇક ડીટેન કરાઈ

વલસાડ : વલસાડના વ્યસ્ત એવા અભળાભાઈ ધરમપુર ચોકડી ઓવરબ્રિજ નીચે ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાને રાખીને પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ ઓવરબ્રિજ નીચે લાંબા સમયથી નિયમોનું ઉલ્લંઘન કરીને ગેરકાયદેસર રીતે પાર્ક કરવામાં આવતા વાહનો સામે પોલીસે લાલ આંખ કરી છે. સ્થાનિક પોલીસ અને ટ્રાફિક વિભાગ દ્વારા ઓચિંતું ચેકિંગ હાથ ધરીને બ્રિજ નીચે અડચણરૂપ અને ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલી અંદાજે ૧૫ થી ૨૦ જેટલી મોટરસાયકલો (બાઇકો) ઝડપી પાડવામાં આવી હતી. પોલીસે આ તમામ વાહનોને સ્થળ પર જ ડીટેન કરી લીધા હતા અને કાયદેસરની કાર્યવાહી માટે કસ્ટડીમાં લીધા હતા.

અનાજનું કાળાબજાર કરનાર દુકાનદારને ૫ વર્ષની સખત કેદ

ચીખલી કોર્ટનો ઐતિહાસિક ચુકાદો, દંડ ન ભરે તો વધુ એક વર્ષની જેલ

ઘેજ : ચીખલી કોર્ટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ દ્વારા વર્ષ ૨૦૧૩ના એક કેસમાં મોટો ચુકાદો આપવામાં આવ્યો છે. પુરવઠા વિભાગની આકસ્મિક તપાસમાં સરકારી અનાજના જથ્થાની ગેરરીતિ કરતા ઝડપાયેલા ખાંભડા ગામની સસ્તા અનાજની દુકાનના સંચાલકને પાંચ વર્ષની સખત કેદની સજા અને ૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ૨૪ જુલાઈ ૨૦૧૩ના રોજ તાલુકા પુરવઠા શાખાના નાયબ મામલતદાર યુ.ડી.મૈસૂરિયા અને સ્ટાફે ખાંભડા ગામની 'પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર'માં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રેશનિંગની દુકાનને ફાળવેલા જથ્થા પૈકી ઘઉંના ૫૦ કિલોગ્રામના ૬૩ કટ્ટા અને ચોખાના ૯ કટ્ટા દુકાનની સામે આવેલી અન્ય એક કરિયાણાની દુકાનના પાછળના ભાગેથી તેમજ ચોથા મકાનમાંથી મળી આવ્યા હતા. પરવાનાવાળા સ્થળ સિવાય અન્ય જગ્યાએ આ જથ્થો રાખીને બદઈરાદાથી કાળાબજારમાં વેચવાનું આ કૌભાંડ ઝડપાયું હતું. જિલ્લા કલેક્ટરની સૂચનાથી ઓગસ્ટ-૨૦૧૩માં દુકાનના સંચાલક પ્રવિણ ગુલામભાઇ પટેલ (રહે. ખાંભડા, તા. ચીખલી) સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસ ચીખલી કોર્ટમાં ચાલતા, સરકારી વકીલ યોગેશભાઇ પટેલની ધારદાર દલીલો અને સાહેદોના નિવેદનોને આધારે ન્યાયાધીશ એસ.પી.દવેએ આરોપી પ્રવીણ પટેલને કસૂરવાર ઠેરવ્યો હતો. કોર્ટે તેને ૫ વર્ષની સખત કેદ અને દંડ, તેમજ દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

નવસારીના દાંડીવાડમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ

કોર્પોરેટરની કમિશનરને લેખિત રજૂઆત

મહિલાઓ અને વડીલોની હાલાકી: કાયમી ઉકેલ લાવવા પાલિકા તંત્રને અપીલ

નવસારી : નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. 4ના મિશ્રશાળા નં. 3, દાંડીવાડ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીના ઓછા દબાણની સમસ્યા સર્જાતા સ્થાનિક રહીશોને દૈનિક જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ મુદ્દે વોર્ડના કોર્પોરેટર પ્રભાબેન વલસાડિયાએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, વિસ્તારમાં પાણીનું દબાણ ઓછું હોવાથી અનેક ઘરોમાં પૂરતું પાણી પહોંચતું નથી. પરિણામે કેટલાક પરિવારોને પીવાના પાણી માટે આશરે 200 મીટર દૂર સુધી જવું પડે છે, જેના કારણે ખાસ કરીને મહિલાઓ, વડીલો, બાળકો અને નોકરીયાત વર્ગને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે આ અંગે અગાઉ પણ સંબંધિત અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. હવે સમસ્યાનું કાયમી અને અસરકારક નિરાકરણ આવે તેવી તેમની અપેક્ષા છે. કોર્પોરેટર પ્રભાબેન વલસાડિયાએ પાલિકા તંત્રને વિસ્તારમાં પૂરતા દબાણ સાથે નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા જરૂરી તકનીકી અને વહીવટી પગલાં ઝડપથી લેવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે પાણી જેવી પાયાની સુવિધા અંગે લોકોની સમસ્યાનું વહેલી તકે નિરાકરણ આવે તે જરૂરી છે. સ્થાનિક રહીશો પણ આશા વ્યક્ત કરી રહ્યા છે કે પાલિકા તંત્ર આ રજૂઆતને ગંભીરતાથી લઈ યોગ્ય આયોજન દ્વારા પાણીના દબાણની સમસ્યાનો ટકાઉ ઉકેલ લાવશે, જેથી લોકોને નિયમિત અને પૂરતું પીવાનું પાણી મળી રહે.

ડાંગમાં ફરી વરસાદ, સાપુતારામાં ગાઢ ધુમ્મસથી પ્રવાસીઓની મોજ

સાપુતારા : ડાંગ જિલ્લામાં વરસાદી વિરામ બાદ ફરી એકવાર ધીમી ધારનો વરસાદ શરૂ થતા સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત ઝરમર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. હિલ સ્ટેશન સાપુતારામાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં દૃશ્યતા ઘટી હતી. પરિણામે વાહનચાલકોએ હેડલાઈટ અને ઈન્ડિકેટર ચાલુ રાખીને સાવચેતીપૂર્વક વાહનો હંકારવાની ફરજ પડી હતી.સાપુતારા ખાતે વરસાદ અને ધુમ્મસના મનોહર વાતાવરણનો આનંદ માણવા આવેલા પ્રવાસીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લાના સાપુતારા, શામગહાન, બોરખલ, ગલકુંડ, આહવા, લવચાલી, સુબિર, સિંગાણા, બરડીપાડા, કાલીબેલ, ભેંસકાતરી, ઝાવડા, વઘઈ, સાકરપાતળ, ચીંચલી, ગારખડી, પીપલાઈદેવી સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય વિસ્તારોમાં શુક્રવારે દિવસ દરમ્યાન ધીમી ધારનો વરસાદ નોંધાયો હતો.

શિક્ષકોના ત્રાસ અને મારથી કંટાળીને બે બાળકો આશ્રમ શાળામાંથી ભાગ્યા

ઉમરગામના માણેકપુર આશ્રમશાળામાંથી ભાગેલા બાળકો સરીગામ રોડ પરથી મળી આવ્યા

સુરક્ષા સામે ગંભીર સવાલો, આક્ષેપોની તટસ્થ તપાસ જરૂરી

ઉમરગામ : ઉમરગામના માણેકપુર આશ્રમ શાળામાંથી મધરાતે બે બાળકો કોઈને પણ કહ્યા વગર ઘરે જવા નીકળી ગયા હતા. રાત્રે બાળકો રોડ ઉપરથી એકલા જતા હોય સ્થાનિક આગેવાનોએ પૂછપરછ કરતા આશ્રમશાળાના બાળકો હોવાની ખબર પડતા પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના માણેકપુર ગામમાં આવેલી આશ્રમશાળા માંથી મધરાતે બે વિદ્યાર્થીઓ (બાળકો) કોઈને પણ જાણ કર્યા વગર ઘરે જવા નીકળી ગયા હતા. રાત્રિના સાડાબારેક વાગ્યાના સુમારે આ બંને બાળકો સરીગામ રોડ ઉપરથી પસાર થતા હતા તે સમયે સ્થાનિક આગેવાનોના નજરે ચડતા પૂછપરછ કરતા બંને બાળકોએ પોતે માણેકપુરની આશ્રમ શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતા હોવાનું અને શિક્ષકો માનસિક ત્રાસ આપી મારતા હોય ઘરે કપરાડા જતા હોવાનું જણાવતા આગેવાનોએ આ અંગે ઉમરગામ સંજાણ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસ દ્વારા આશ્રમશાળાના સંચાલકોને તથા બાળકોના પરિવારને આ અંગે જાણ કરી હતી. બાળકો આ રીતે મધરાત્રિએ નીકળી જવાની ઘટના ખૂબ જ ચિંતા ઉપજાવનારી છે તથા બાળકોની સુરક્ષા સલામતી માટે ખૂબ જ ચિંતાજનક છે. સમગ્ર ઘટનાની હકીકત શું છે અને બાળકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોમાં કેટલું તથ્ય છે તે બાબતે તપાસ જરૂરી છે. તો જ સાચું કારણ સ્પષ્ટ થશે.



ઉમરગામમાં કાર ગેસ લાઇનના પોઇન્ટ સાથે અથડાઇ પલટી

ઉમરગામ : ઉમરગામ શહેરના ગાંધીવાડી વિસ્તારમાં મોડી રાત્રે એક બેકાબુ કાર ધડાકાભેર ગેસ લાઇનના પોઇન્ટ સાથે અથડાય પલટી મારી ગઈ હતી. સદનસીબે કોઈપણ જાનહાનિ ન થતા મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ શહેરના ગાંધીવાડી બેલા ફાર્મ રેસીડેન્સી પાસે રાત્રે 12:30 વાગ્યાના સુમારે મુખ્ય રોડ ઉપરથી પસાર થતી એક કાર જીએસપીસી ગેસ લાઇનના પોઇન્ટ સાથે અથડાઇ પલટી મારી ગઈ હતી. કારમાં સવાર બે યુવકો સહી સલામત બહાર આવી ગયા હતા. જોકે ગેસ લાઈન લીકેજ થતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસ વીજ વિભાગ અને ગેસ લાઈનનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને વીજ પ્રવાહ તથા ગેસ લાઇન બંધ કરતા મોટી દુર્ઘટના ટળી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

વલસાડમાં રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસોનો નિકાલ

પેન્ડિંગ કેસો, સ્પેશ્યલ સીટીંગ કેસો અને પ્રિ-લીટીગેશનનાં કેસોનો સુખદ નિકાલ કરાયો

વલસાડ : વલસાડ જિલ્લા અદાલત તેમજ તાબા હેઠળની તાલુકાની તમામ અદાલતોમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં પેન્ડિંગ રહેલા સમાધાનપાત્ર કેસો કુલ ૧૮૬૬૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં કુલ રૂપિયા ૧૦,૨૫,૫૬,૬૧૩ નું સમાધાન કરવામાં આવ્યું હતું. એક જ દિવસમાં ૧૮૬૬૦ કેસોનો નિકાલ થતા લોક અદાલતનો હેતુ સાર્થક થયો હતો.

વલસાડ જિલ્લામાં યોજાયેલી આ નેશનલ લોક અદાલતમાં ક્રિમીનલ કંપાઉન્ડેબલ કેસો, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનાં (ચેક રિટર્નનાં) કેસો, લગ્ન વિષયક તકરારનાં કેસો, મોટર અકસ્માત વળતરને લગતાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, દિવાની દાવા જેવા કે ભાડા/ ભાડુઆતને લગતા કેસો, મનાઇ હુકમ-જાહેરાત-કરાર પાલન વિગેરે સંબધિત દાવા વિગેરે મળી કુલ-૩૮૦ કેસો લોક અદાલતનાં મુકવામાં આવ્યા હતાં. સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટમાં ફક્ત દંડ ભરી નિકાલ થઈ શકે તેવા ફોજદારી કુલ ૬૬૪૦ કેસો મુકવામાં આવ્યા હતાં. બેન્ક-ફાયનાન્સ કંપનીનાં વસુલાતનાં કેસો, વિજબીલનાં વસુલાતનાં કેસો, ટેલિફોન-મોબાઇલ કંપનીઓનાં બિલનાં વસુલાતનાં કેસો તથા ટ્રાફિક નિયમ ભંગના ઇ-ચલણ વસુલાતનાં કેસો વિગેરે મળી કુલ-૨૦૨૧૨ પ્રિ-લીટીગેશન કેસો લોક અદાલતમાં મુકવામાં આવ્યા હતાં. લોક અદાલતમાં સમાધાનપાત્ર પેન્ડિંગ કેસો કુલ-૨૩૦ કેસો, સ્પેશ્યલ સીટીંગ કેસો કુલ-૬૧૫૯ અને પ્રિ-લીટીગેશનનાં કુલ-૧૨૨૭૧ મળી કુલ-૧૮,૬૬૦ કેસો નિકાલ કરવામાં આવ્યા હતાં. આ કેસોમાં કુલ- ૧૦,૨૫,૫૬,૬૧૩નું સમાધાન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં વલસાડ જિલ્લાનાં પક્ષકારો તેમજ વિ. વકીલોએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઇ લોક અદાલતને સફળ બનાવી હતી.

નારગોલ બીચ-સોળસુંબાની મુલાકાતે વલસાડ કલેક્ટર

અધિકારીઓ સાથે પણ બેઠક કરી શહેર અને ગામને સ્વચ્છ સુંદર અને હરિયાળું રાખવા જરૂરી સૂચનો કર્યા

ઉમરગામ : વલસાડ જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાને ઉમરગામની મુલાકાત લીધી હતી.

ઉમરગામની મુલાકાત દરમિયાન તેઓ નારગોલ અને ઉમરગામ શહેરના દરિયા કિનારે બીચનું નિરીક્ષણ કર્યું હતું અને સાફ-સફાઈ તથા પ્રવાસીઓની સુવિધાઓ માટેની વ્યવસ્થા તથા વધુ વિકાસ અંગે પણ જાણકારી મેળવી હતી તેમને ઉમરગામ પોલીસ સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેઓ ઉમરગામ ખાતે પ્રાંત અધિકારી, મામલતદાર, ટીડીઓ, ચીફ ઓફિસર, માર્ગ મકાન ખાતાના અધિકારીઓ તથા યુઆઇએના હોદ્દેદારો ઉદ્યોગપતિઓ સાથે ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં બેઠક કરી હતી. શહેરને અને ગામોને સ્વચ્છ રાખવા ઉદ્યોગપતિઓનો પણ જરૂરી સહયોગ લેવા જણાવ્યું હતું અને વલસાડ જિલ્લાને સ્વચ્છ સુંદર અને હરિયાળુ રાખવા સ્વચ્છતા ઉપર વિશેષ ધ્યાન આપવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા સૂચનો કર્યા હતા. વલસાડ જિલ્લા કલેક્ટરે ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામની પણ મુલાકાત લીધી હતી. અહીં તેમને ઓવરબ્રિજ બન્યા પછી સાંકડા સર્વિસ રોડ તથા પાણી ભરાવાની સમસ્યાનુ નિરીક્ષણ કર્યું હતું અને નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ લાગતા વળગતા વિભાગના અધિકારીઓને આપી હતી.

નાનાપોંઢા તા. પ્રાથમિક શિક્ષણ સંઘની પ્રથમ ચૂંટણી યોજાશે

585 શિક્ષકો ચૂંટણીમાં મતદાન કરશે, ચૂંટણી સમરસ કરવા આગેવાન હોદ્દેદારોના પ્રયાસો નિષ્ફળ

વલસાડ : નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની શનિવારે યોજાનારી ચૂંટણીને લઈ શિક્ષકોમાં ઉત્તેજના જોવા મળી રહી છે. 18 જૂલાઈએ બપોરે 12.00 થી સાંજે 3.30 સુધી ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં 585 શિક્ષકો મતદાન કરશે. આ ચૂંટણીને બિનહરીફ કરાવવા અને શિક્ષકો વચ્ચે બિનજરૂરી સંઘર્ષ ટાળવા હોદેદારોએ પ્રયાસો કર્યા હતાં. સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા તાલુકાથી અલગ થઈ નવા બનેલા નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રથમવાર 18 જુલાઈએ ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં શિક્ષક સમર્પણ પેનલમાં પ્રમુખ તરીકે મિતેષ પટેલ (બાલચોંડી પ્રા.શાળા, નાનાપોંઢા) એ ઉમેદવારી કરી છે. જેઓ કપરાડા તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ અને એક ટર્મ મહામંત્રી રહી ચૂક્યા છે. જ્યારે અન્ય નવ શક્તિ પેનલમાં અજયભાઈ પટેલ (મોટાપોંઢા પ્રા. શાળા)એ પ્રમુખ પદ માટે ઉમેદવારી કરી છે. જેઓ પણ જિલ્લા સંઘના ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. બંને ઉમેદવારોએ શિક્ષકોના વિવિધ પ્રશ્નો નિવારવાની વાતો સાથે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

ધરમપુરના નાની ઢોલ ડુંગરીમાં દીપડીના બે બચ્ચા પાંજરે પુરાયા

ધરમપુર : ધરમપુર તાલુકાના નાની ઢોલ ડુંગરી ગામમાં દીપડીના હુમલાની ઘટનાના પગલે ગોઠવાયેલા પાંજરામાં ગુરુવારે રાત્રે દીપડીના બે બચ્ચા પુરાયા હતા. બચ્ચાં પાંજરામાં પુરાતા માતા દીપડી આસપાસ જ હોવાની આશંકાથી ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. બુધવારે પશુપાલક જ્યોતિ પટેલ પર દીપડીએ હુમલો કર્યો હતો. આ દરમિયાન ઘટનાની સત્તાવાર માહિતી મેળવવા પત્રકારોએ વન વિભાગના અધિકારીઓનો ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સંબંધિત અધિકારીએ ફોન સ્વીકાર્યો નહોતો, જ્યારે ઉચ્ચ અધિકારીનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. ગ્રામજનોએ વન વિભાગ તાત્કાલિક માતા દીપડીને પકડી ગામમાં સુરક્ષાની વ્યવસ્થા મજબૂત બનાવે તેવી માંગ કરી છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું: એ-૬, ત્રીજો માળ, સેક્ટર-૪, નોઇડા-૨૦૧૩૦૧.
નોંધણીકૃત ઓફિસ: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત બ્લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭,
ફોન: ૦૧૧ ૪૦૨૬૦૦૦, ટોલ ફ્રી નં: ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેલ: customer.care@herohf.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

ડિમાન્ડ નોટિસ

ધ સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("એક્ટ")ની કલમ ૧૩ (૨) હેઠળ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ("રૂલ્સ")ના નિયમ ૩ સાથે વાંચતા.

જ્યારે અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટીઝેશન એક્ટ હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ રૂલ્સના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને કલમ ૧૩(૨) હેઠળ નીચે દર્શાવેલ તારીખોએ વિગતવાર ડિમાન્ડ નોટિસ(ઓ) અગાઉથી જ જારી કરી ચૂક્યા છે, જેમાં અહીં નીચે સૂચિબદ્ધ દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) (જેમને વ્યક્તિગત રીતે અથવા સામૂહિક રીતે "જવાબદાર વ્યક્તિઓ" તરીકે ઓળખવામાં આવે છે)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને નીચે આપેલ વિગતો મુજબ, સંબંધિત સૂચના(ઓ)ની તારીખથી ૬૦ દિવસની અંદર સંબંધિત ડિમાન્ડ નોટિસ(ઓ)માં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે. ઉક્ત સૂચનાઓની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવી છે અને તે અધોહસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે અને જો ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ઇચ્છે તો, કોઈપણ કામકાજના દિવસે સામાન્ય ઓફિસ સમય દરમિયાન અધોહસ્તાક્ષરકર્તા પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે. ઉપરોક્તના સંદર્ભમાં આવી ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ સંબંધિત સૂચના(ઓ)ની તારીખથી ૬૦ દિવસની અંદર, તેમના સંબંધિત નામો સામે દર્શાવેલ રકમ, કોલમ (d)માં દર્શાવેલ સંબંધિત તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે વિગતવાર જણાવ્યા મુજબના વધુ વ્યાજ સાથે, લોન કરાર અને ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા સહી કરવામાં આવેલા અન્ય દસ્તાવેજો/લખાણો (જો કોઈ હોય તો) સાથે વાંચતા, HHFLને ચૂકવી આપે. લોનની યોગ્ય ચુકવણી માટેની જામીનગીરી (Security) તરીકે, ઉક્ત સંબંધિત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા નીચેની ગીરો અસ્ક્યામતો HHFL પાસે ગીરો મૂકવામાં આવી છે.

લોન ખાતા નંબર	જવાબદાર વ્યક્તિ(ઓ)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું નામ	નીચે દર્શાવેલ તારીખો મુજબ કુલ બાકી લેણી રકમ (રૂપિયામાં)	ડિમાન્ડ નોટિસની તારીખ	NPA ની તારીખ
HHFNVSLAP 22000030016	રવિ કિશનભાઈ ચૌહાણ જ્યોતિ રવિભાઈ ચૌહાણ	૧૦-જુલાઈ-૨૦૨૬ના રોજ બાકી લેણી રકમ રૂ. ૧૬,૦૩,૬૭૬/-	13-07-2026	05-07-2026

ગીરો અસ્ક